# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-01-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્યપાલ અને મુખ્યમંત્રીશ્રીએ તાપીના વાલોડ ખાતે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરી.

2) વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ ઇડરમાં ધ્વજવંદન કર્યું. તો આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સહિતના મંત્રીઓએ વિવિધ જિલ્લામાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો.

3) પોરબંદરના દરિયામાં અનોખી રીતે રાષ્ટ્રધ્વજ ફરકાવાયો. તો દ્વારકાધીશ મંદિર પર ત્રિરંગી ધજા ફરકાવાઇ.

4) જામનગરનું આકાશ સૂર્યકિરણના કરતબો દ્વારા ત્રિરંગાના રંગે રંગાયું

5) સરહદી સુરક્ષાદળે કચ્છ સરહદેથી એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો.

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# TAPI GOVERNOR REPUBLIC DAY

તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં 76મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાઇ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ત્રિરંગો ફરકાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ રાજ્યની કલા અને સંસ્કૃતિને પ્રસ્તુત કરતાં આકર્ષક ટેબ્લો રજૂ કરાયા હતા. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો, માર્ચ પાસ્ટ, ડોગ-અશ્વ શો સહિત જવાનોના અવનવા કરતબોએ પ્રેક્ષકોને અચંબિત કર્યા હતાં.

આ અંગે પ્રસ્તુત છે અમારા સંવાદદાતા નિરવ કંસારાનો અહેવાલ…

(વોઇસ કાસ્ટ – નીરવ કંસારા)

. . . . . . . . . . . . .

# GUJARAT REPUBLIC DAY CELEBRATION -1

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઇ. જેમાં ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ ધ્વજવંદન કરી ત્રિરંગાને સલામી આપી પરેડનું નિરીક્ષણ કર્યું.

બનાસકાંઠાના અંબાજી ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઇ. આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ધ્વજવંદન કરી પોલીસ પરેડનું નિરીક્ષણ કર્યું. આ અંગે ઋષિકેશ પટેલે વધુમાં આ મુજબ જણાવ્યું.

*(બાઇટ: ઋષિકેશ પટેલ આરોગ્ય મંત્રી)*

બોટાદ જિલ્લાના બરવાળામાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઇ. જેમાં પોલીસ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ અંગે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ આ મુજબ જણાવ્યું.

*(બાઇટ: કુંવરજી બાવળિયા, કેબિનેટ મંત્રી)*

ગુજરાત વડી અદાલત ખાતે વરિષ્ઠ ન્યાયાધીશ બિરેન વૈષ્ણવે ધ્વજ વંદન કર્યું. આ પ્રસંગે વડી અદાલતના અન્ય ન્યાયાધીશ, સરકારી અને ખાનગી વકીલો, વડી અદાલતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા. આ અંગે વરિષ્ઠ ન્યાયાધીશ બિરેન વૈષ્ણવે વધુ માહિતી આપી....1

(બાઇટ: બિરેન વૈષ્ણવ, વરિષ્ઠ ન્યાયાધીશ)

ગીર સોમનાથના ઊના ખાતે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઇ. આ પ્રસંગે મત્સ્યોદ્યોગ મંત્રી પરસોત્તમ સોલંકીએ ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલી હતી.

નવસારીના જલાલપોર તાલુકાના મટવાડ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે 76મા પ્રજાસત્તાક દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી. રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુકેશ પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસકાસ્ટ : અશોક પટેલ પીટીસી નવસારી )

ભાવનગર શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઇ.. પ્રસ્તુત છે એક અહેવાલ..2

(વોઇસ કાસ્ટ : સુરેશ ત્રિવેદી પીટીસી ભાવનગર)

મહેસાણા જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી પાંચોટ ખાતે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને કરાઇ. આ અંગે સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: જયંતિ ચૌધરી પીટીસી મહેસાણા )

કચ્છ જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ નખત્રાણાના રામાણી ગ્રાઉન્ડ ખાતે યોજાયો.

(વોઇસ કાસ્ટ : હેમાંગ પટણી પીટીસી કચ્છ વેસ્ટ)

પંચમહાલ જિલ્લાના શહેરામાં કેશવ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાના 76મા પ્રજાસતાક પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઇ. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહિરે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની નિર્મલા માતા શાળા નજીકના મેદાનમાં પ્રજાસત્તાક દિવસ અને દાદરા અને નગર હવેલી તેમજ દમણ અને દીવના વિલીનીકરણ દિવસની ઉજવણી કરાઇ. આ પ્રસંગે કલેક્ટર રાહુલ દેવ બુરાએ ત્રિરંગો ફરકાવ્યો.

અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને ઈસનપુર ખાતે ધ્વજવંદન કર્યું હતું.

આકાશવાણીમાં પણ 76માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી. આકાશવાણી અમદાવાદનાં DDG અને હેડ ઓફ ઓફિસ શ્રી એલ.એન. ચૌહાણે ધ્વજવંદન કર્યું હતું. તેમની સાથે ટૂંક સમયમાં નિવૃત થનાર અધિકારીઓ જેમ કે, સહાયક નિદેશક શ્રી મૌલીન મુન્શી, CBS અમદાવાદનાં કાર્યક્રમ વડા શ્રી યતિન દવે, ઈજનેર ઉપનિદેશક શ્રી એસ.સી. બુંદેલા સહિત વિવિધ કર્મચારીઓએ ધ્વજવંદન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# Amir Khan – SOU

બોલિવુડનાં જાણીતા અભિનેતા આમિર ખાન આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 76માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સહભાગી બન્યાં હતાં. તેમણે ગાંધીજીને પ્રિય ખાદીમાંથી બનાવેલ વસ્ત્રો ધારણ કર્યાં હતાં. અને ધ્વજવંદન કર્યું હતું. ત્યારબાદ તેઓ પ્રદર્શન ગેલેરી નિહાળવા ગયાં હતાં. અને ત્યાંથી ડેમનું નિર્દશન કર્યું હતું.

મીડિયા સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રાચીન સ્થળો તો અનેક છે, પણ આવું મોર્ડન સ્થળ પ્રથમ વખત જોયું છે. રાષ્ટ્રીય પર્વના દિવસે જ અહીં આવી શક્યો એ માટે પોતાને ભાગ્યશાળી માને છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# UNIQUE CELEBRATION

પોરબંદરમાં 76મા પ્રજાસત્તાક પર્વની અનોખી રીતે ઉજવણી કરાઇ. શ્રીરામ સ્વિમિંગ ક્લબ દ્વારા સમુદ્રમાં ધ્વજવંદન કરાયું. આ પ્રસંગે નાગરિકો અને ક્લબના સભ્યોએ ધ્વજવંદનમાં સહભાગી બની ગૌરવની લાગણી અનુભવી હતી.

(બાઇટ: પાર્થ પટેલ, આયોજક સંસ્થાના સભ્ય )

દ્વારકામાં ભગવાન દ્વારકાધીશ મંદિરના શિખર પર ત્રિરંગી ધજા લહેરવાઈ. ઉચ્ચ શિખર પર ત્રિરંગી ધજા લહેરાતા ભક્તિમય માહોલ વચ્ચે દ્વારકા દેશભક્તિના રંગે રંગાયું હતું.

. . . . . . . . . . . . .

# JAMNAGAR SURYKIRAN

76મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જામનગરમાં ભારતીય હવાઈ દળે એર શો યોજ્યો. જેમાં સૂર્યકિરણ ટીમે રંગીન ધુમાડાથી આકાશમાં ત્રિરંગો બનાવ્યો. હવાઈ દળના 9 વિમાનોએ કરતબો કરતાં આકાશ ત્રિરંગાના રંગે રંગાયું હતું.

. . . . . . . . . . . . . .

# BSF ARREST PAK Intruder

કચ્છ સરહદેથી ભારતીય સરહદી સુરક્ષાદળે એક પાકિસ્તાની ઘૂસણખોરને ઝડપી પાડ્યો હતો. આજના પ્રજાસત્તાક દિન નિમિત્તે બીએસએફ દ્વારા ચલાવાયેલા આ વિશેષ અભિયાનમાં પાકિસ્તાની નાગરિકને પકડી લેવાયો હતો.

બીએસએફના જવાનો પહેરો ભરી રહ્યાં હતા ત્યારે પાકિસ્તાનની સરહદ પર શંકાસ્પદ હિલચાલ નજરે પડી હતી જેને કારણે સતર્ક થયેલા જવાનોએ શોધ અભિયાન શરૂ કર્યું હતું જેમાં ખાવર નામનો પાકિસ્તાની નાગરિક ઝડપાઇ ગયો હતો. હાલમાં તેની પૂછપરછ ચાલી રહી છે.

. . . . . . . . . . . . .